સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

કાશ્મીરી ચોરે-ચૌટે પાકિસ્તાની નારા બરકે છે,
અલગતાવાદી ને ઘરે ચીની-ઝંડા ફરકે છે,
ચરકે છે પાકિસ્તાની એ અહીંનું અન્ન ખાઈને -
નેતાઓના પગ નીચેથી કાશ્મીરી ધરા સરકે છે.
(સત્તાના સ્વાર્થમાં મૌન)

હાઈકુ

હોય છે બધું,
વડે, માટે ને થકી -
ચૂંટણી લક્ષી...
(બાય ધી પીપલ - ફોર ધી પીપલ)

મનપા સભ્યો,
જશે ગોવા પ્રવાસે
ગંદકી જોવા?!
(દિવાળી પ્રવાસ)

ચિંતન

ના સહાયસ્ય મન્ત્રનિશ્ચયઃ

મંત્રીગણની બૌદ્ધિક સહાયતા વિના કોઈ પણ સજા યોગ્ય નિર્ણય લઈ શકતો નથી.

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે. શાસનવ્યવસ્થા એ એક કાંટાળો પથ છે. એમાં ડગલે ને પગલે પડકારોનો સામનો કરવો પડે છે. અને યોગ્ય નિર્ણયો ના લેવાય તો રજનું ગજ થઈ જાય છે. આથી, રાજાએ શાસનવ્યવસ્થા ચલાવવા બુદ્ધિમાન અને યોગ્ય નિર્ણયોના લેવાય તો રજનું ગજ થઈ જાય છે. આથી, રાજાએ શાસન વ્યવસ્થા ચલાવવા બુદ્ધિમાન અને પ્રામાણિક માણસોની નિમણૂક પોતાના સહાયકો તરીકે કરવી જોઈએ. જેથી તેમના અનુભવ અને જ્ઞાનનો લાભ મળે અને કપરામાં કપરી પરિસ્થિતિમાં પણ યોગ્ય નિર્ણય લેવાય.

મુખ્યમંત્રીએ પોતાના કાર્યાલયમાં (સીએમઓ) જુદા જુદા વિષયના નિષ્ણાત સહાલકારો - જે પક્ષના અંકુશથી મુક્ત તો હોય જ પણ મંત્રીશ્રીઓને નિર્ભય રીતે કોઈ પણ પ્રકારની પરવા વિના 'સાચી સલાહ' આપી શકે તેવા હોવા જરૂરી છે.

નિષ્ણાતની સલાહ વિના મંત્રીશ્રીઓના નિર્ણય કાયદા અને માનવતાની સરહદ ઉલ્લંઘી જાય છે અને પછી નિર્ણયો રાતોરાત પાછા ખેંચવા પડે છે.

સુવિચાર

- ઈશ્વર સાથેનો સંવાદ એ સંબંધ છે, ઉત્તેજના નથી - **નવનિત**
- 'તાણ' એક એવું ઘડિયાળ છે જે તમને કહે છે કે તમે નકામા વિચારોને વળગી રહ્યા છો - **અખંડ આનંદ**
- જ્ઞાનના માર્ગમાં ચાર દુશ્મનો છે : ભય, સ્પષ્ટતા સ્વજન અને વૃદ્ધાવસ્થા - **રજનીશ**
- યોદ્ધો કર્મના વિચારમાં નહીં, કર્મમાં વિચારે છે - **નેપોલિયન**
- સફળ લોકો બીજાના અભિપ્રાયો અને ઈતિહાસ કરતાં પોતાના વિઝન અને ધ્યેયો પર વધારે ધ્યાન આપે છે - **ટીમ કુક**
- તમારા બાળકો તમને શબ્દોથી નહીં, તમારા જીવનથી તમને તપાસશે - **મુંબઈ સમાચાર**
- તમે જયારે એકલા હશો અને પોતાને પસંદ કરતા હશો, તો કયારે પણ તમે એકલતા નહીં અનુભવો - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- આજનું ઔષધ : અજમો, ગોળ સરખે ભાગે લઈ સવાર-સાંજ ખાવાથી કમરનો દુઃખાવો મટે છે.

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

વ્યક્તિ મૃત્યુ પામે કુટુંબીજનો-સંબંધી-મિત્રો રડે છે જો કે બધાનું 'રડવા'નું કારણ અલગ-અલગ હોય છે.

કોઈને એમ થાય કંઈ 'બચત' ન મૂકી ગયા. કોઈને એમ થાય કે જીવતા હતા ત્યારે સેવા ન કરી - પૂછા ન કરી કોઈને કદર ન કરી શકવાનો અફસોસ થાય કોઈને 'છત્ર' ગુમાવવાનો - બધાંના કારણ અલગ અને પોતાના જ સંદર્ભમાં હોય છે... સાચા હૃદયની વ્યથા તો કોઈકને જ હોય!!

એક મહાત્માએ એક સદ્‌ગુણી યુવાનને સંસાર છોડી પોતાના શિષ્ય થઈ સાધુ થઈ 'આત્મોધ્ધાર' કરવા સમજાવ્યો. પણ યુવાન કહે મારા પરિવાર-સંબંધી-મિત્રોને મારા પર ખૂબ જ 'સ્નેહ' છે હું તેમને છોડી છેહ ન આપી શકું. સાધુ કહે - સંસારમાં સહુ સ્વાર્થના સગાં છે બાહ્ય આચાર કંઈ જુદા જ હોય છે. મારી પાસે વિદ્યા છે એનાથી તું 'મૃત' દેખાઈશ પણ સંપૂર્ણ ભાનમાં જ હોઈશ - પછીનું નાટક તું જોજે - સાંભળજે...

યુવકને મૃત જોઈ સૌ રડવા લાગ્યાં - સાધુ કહે - તમે રડો નહીં મારી વિદ્યાર્થી હું એને જીવિત કરી શકું પણ તમારામાંથી કોઈ એકે પોતાનો 'જીવ' આપી 'મરવું' પડે! બધાને જીવવા માટે કોઈને કોઈ બહાનું હતું - બધાં ધીમે ધીમે પલાયન થયાં - પત્નીને પણ કહ્યું - એમના સ્વભાવથી હું અને મારાથી એ કંટાળ્યા જ હતા. ઈશ્વરે જે કર્યું તે સ્વીકારી લઈએ. યુવાન બેઠો થયો અને દિક્ષા લેવા સંત સાથે ચાલ્યો ગયો.

મોદીનું મિશન-૨૦૧૭ : ચૂંટણી જીતવાનો એક મુદ્દાનો કાર્યક્રમ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વડોદરામાં 'દિવ્યાંગો'ને સહાય વિતરણ કરતાં પણ પોતાનું વ્યૂહાત્મક રાજકારણ તો રમી જ લીધું, 'દિવ્યાંગ' શબ્દ એ વિકલાંગના પર્યાય તરીકે વપરાતો સરકારી શબ્દ છે અને તે મોદીના ફળદ્રુપ ભેજાની પેદાશ છે. જેનાં અંગ-ઉપાંગમાં તકલીફ છે, જે જન્મજાત અંધાપો, બહેરાશ, કે પોલિયો જેવા રોગથી પીડાઈ લૂલું લંગડું બની ગયું છે એવા માણસને પોતાના માણસપણાની ખુમારી રહે, પોતાનાં અંગો લકવાયાં હોવા છતાં મગજ સાબૂત છે અથવા કોઈને મગજની જ બીમારી હોય તો પણ એની 'સંવેદના' - એનું હૈયું અકબંધ છે, એવા પૉઝિટિવ ખ્યાલ સાથે મોદીએ પ્રયોજેલ શબ્દ ઔચિત્યપૂર્ણ ગણાય. અંધ માટે 'પ્રજ્ઞાચક્ષુ' આવો જ પર્યાય આપણે વાપરતા રહ્યા છીએ. વડાપ્રધાને દિવ્યાંગોને જરૂર પ્રોત્સાહિત કર્યા, એમને સાચવવાની જવાબદારી સમાજની હોવાની વાત કરીને એક મૅસેજ પણ આપી દીધો, પણ સાથે જ વાત પોતાના મિશન-૨૦૧૭ને એ ભૂલ્યા નથી. ૨૦૧૭માં ગુજરાત વિધાનસભાની ચૂંટણી આવી રહી છે, જે મોદી યેનકેન પ્રકારેણ જીતવા માગે છે. આજે ગુજરાતમાં અનેક મુદ્દે વર્તમાન શાસન અને શાસક પાર્ટી પ્રત્યે અસંતોષ પ્રવર્તી રહ્યો છે. પાટીદાર આંદોલન નબળું જરૂર પડ્યું છે પણ એના પ્રત્યાઘાત પૂર્ણપણે શમ્યા નથી. હજી હાર્દિક પટેલનું વજૂદ કાયમ છે અને પાટીદારો ભાજપ સરકાર તેમજ એમની ભાષામાં કહીએ તો 'જનરલ ડાયર'નો બદલો લેવા કૃતસંકલ્પ છે. અમિત શાહ પાટીદાર આંદોલનકારોના નિશાન પર છે ત્યારે અમિત શાહના વિશ્વાસુ સાથી વિજય રૂપાણીના નેતૃત્વ હેઠળ લડનારી ચૂંટણીમાં પાટીદારોને કેવા રાજી કરવા પુરુષોત્તમ રૂપાલા અને મનસુખ માંડવિયાને રાજયકક્ષાના મંત્રીઓ તરીકે પોતાની સરકારમાં સ્થાન આપ્યું છે અને ગુજરાતમાં પણ નીતિન પટેલને નાયબ મુખ્યમંત્રી પદે પ્રમોશન આપ્યું છે. તેમ છતાં પાટીદારોનો ભરોસો રાખવામાં પૂરેપૂરું જોખમ છે તે મોદી અને શાહ બેઉ સારી રીતે સમજે છે, આથી ગરીબ, વંચિત વર્ગો અને દલિત - આદિવાસી સમાજ તરફ પાર્ટીએ વિશેષ ધ્યાન આપવા માંડ્યું છે. દલિતો પણ ઊના-કાંડ પછી ભાજપથી વિમુક થયા છે. મોદી અવારનવાર ગુજરાતની મુલાકાત લઈ પરિસ્થિતિનો તાગ કાઢવા પ્રયાશ કરશે. સર્જિકલ સ્ટ્રાઈક અને તીન તલાક જેવા મુદ્દાઓથી ગુજરાતની શાણી પ્રજાને કેટલી આકર્ષી શકાશે તે પ્રશ્ન છે. છતાં સર્જિકલ સ્ટ્રાઈકને હુકમનો એક્કો ગણી ગુજરાત, ઉત્તરપ્રદેશ અને પંજાબની ચૂંટણીઓ દરમિયાન વટાવવાની ભરપૂર કોશિશ થશે, એ નક્કી છે. આ મુદ્દો જૂનો થઈ જાય એ પહેલાં, જરુર પડે તો થોડી વહેલી ચૂંટણીઓ આપી દેવાનું પણ

તંત્રીસ્થાનેથી...

કેન્દ્ર સરકાર વિચારતી હોય તે બનવાજોગ છે. દિવ્યાંગોની સભામાં પણ મોદીએ સર્જિકલ સ્ટ્રાઈકનો ઉલ્લેખ એમની લાક્ષણિક ઢબે કરી જ દીધો. કાળું નાણું જાહેર કરવાની સરકારી ઝુંબેશમાં મળેલી નોંધપાત્ર સફળતાનો ઉલ્લેખ કરતાં એમણે કહ્યું કે, 'સર્જિકલ સ્ટ્રાઈક' કર્યા વગર જ ૬૫,૦૦૦ કરોડ જેટલી મોટી રકમ બહાર આવી ગઈ. જો લાલ આંખ કરી હોત - દરોડા પાડ્યા હોત તો કોણ જાણે કેવડી મોટી રકમ જાહેર થઈ હોત! સરકાર સુખિયા લોક પાસેનાં કાળા નાણાં ઓકાવે છે એની પ્રતીતિ કરાવવાના હેતુથી એમણે આવું સૂચક વિધાન કર્યું છે. દિવ્યાંગો એ સમાજના છેવાડા લોકોના પ્રતીક જેવો સમુદાય છે. એમને ખુમારીભર્યું જીવન ઉપલબ્ધ કરાવવાની વાત કરીને મોદી પોતાના વંચિતોના વણોતર તરીકે પ્રસ્થાપિત કરવા મથી રહ્યા છે. માધવસિંહ સોલંકીના મંત્રીમંડળમાં નહોતું મળ્યું એટલું પ્રતિનિધિત્વ બક્ષીજાતિઓને રૂપાણી સરકારમાં અપાવીને મોદીએ પાટીદારોના વિકલ્પે ઠાકોર-રબારી સમાજને પોતાની પાંખમાં લેવાનો વ્યૂહ ઘડ્યો છે. હવે પછી આ જ લાઈન પર એમનું રાજકારણ આગળ વધશે. અલબત્ત, પ્રજા એની કોઠાસૂઝથી મતદાન કરતી હોય છે એટલે પરિણામ તો સમય જ જણાવશે.

મૃત્યુ દંડની સજા માનવાધિકાર ભંગ સમાન ગણતું સંયુકત રાષ્ટ્ર

આંતકવાદને માનવાધિકારથી રક્ષિત ના કરી શકાય

તાજેતરમાં ૧૦ ઓકટોમ્બરે સમગ્ર વિશ્વમાં મૃત્યુ દંડ વિરોધી દિવસ તરીકે ઉજવવામાં આવ્યો. સંયુકત રાષ્ટ્રના જનરલ સેક્રેટરી બાન કી યુને આંતકવાદીઓને આપવામાં આવતા મૃત્યુ દંડની સજાની જોગવાઈ સામે વાંધો ઉઠાવી માનવાધિકાર ભંગનો પ્રશ્ન ઉઠાવ્યો. આંતકવાદીઓને પણ જીવવાનો અધિકાર ગણ્યો પછી ભલે તે અન્ય નિર્દોષ લોકોની જીંદગી હરી લે! આપણે સંયુકત રાષ્ટ્રની આ લાગણી સામે અસમત છીએ કારણ કે સૌથી વધુ નિર્દોષ લોકોને આંતવાદીઓએ ભારતમાં માર્યા છે. આંતકનો મોટો ભાગ ભારત બનતું આવ્યું છે તેમની સામે માનવાધિકારનો ઉપયોગ શા માટે? આ પ્રશ્ન જનમાનસમાં ઉભો થાય તે સ્વાભાવિક છે.

ભારતમાં રેરેસ્ટ ઓફ રેર કેસમાંજ મૃત્યુ દંડની સજા ફરમાવવામાં આવે છે તે સામે સુપ્રિમ કોર્ટે અને ત્યારબાદ રાષ્ટ્રપતિને દયાની અરજી એવી ઘણી લાંબી ટેકનિકલ પ્રક્રિયામાંથી પસાર થયા બાદ જ મૃત્યુ દંડ ફરમાવવામાં આવે છે જેમાં ઘણા વર્ષો નિકળી જાય છે. ઘણીવાર તો આરોપીનું જ કસ્ટડીમાં કુદરતી મૃત્યુ થઈ જાય ત્યાં સુધી દેહાત દંડનો નિર્ણય લેવાતો હોતો નથી. ખૂનના મોટાભાગના કેસોમાં આજીવન કેદની સમય મર્યાદા ૨૫ વર્ષ ગણાય છે પરંતુ ભારતના કાયદા મુજબ તથા સારી ચાલચલગત હોય તો ૧૫ વર્ષે કેદી બહાર આવી જાય છે.

સજાનો આધાર ગુનેગારના સંજોગો, ગુનાના તથ્યો, ગુનાની ક્રુરતા, બર્બરતા, ગુનેગારની રીતભાત તથા ગુનો કરવાના સંજોગો, ગુનેગારની માનસીકતા, ખૂનનું કાવત્રુ વિગેરે સંજોગોને ધ્યાનમાં રાખી દેહાત દંડની કે આજીવન કેદની સજાની જોગવાઈ કાયદામાં છે તે રીતે નામદાર ન્યાયમૂર્તિ તમામ પાસાઓ અને સંજોગોને ધ્યાનમાં રાખી સજા ફરમાવતા હોય છે તેમાં પણ માનવિય અભિયમ દાખવતા જ હોય છે તો આવા ગંભીર ગુનેગારને માનવાધિકાર શા માટે લાગુ કરવો જોઈએ? ગુનાની સામાજીક કે અસામાજીક ગંભીરતા સમાજમાં પ્રત્યાઘાતો ભોગવનારનો સામાજીક દરજ્જો, મોભો, કુટુંબીક પરિસ્થિતિ તથા ગુનેગારની પણ કૌટુંબીક પરિસ્થિતિને ધ્યાનમાં રાખ્યા બાદ જ સજા ફરમાવવામાં આવે છે સજા ગુનેગાર ભોગવે છે પરંતુ તેનો ભોગ તેના કુટુંબના વ્યક્તિ બનતા હોય છે. સામાજીક અસ્વીકાર, ઘૃણાનો ભોગ તેના પરિવારજનોએ બનવું પડે છે.

જયારે સમાજની લાગણી સર્વ વ્યાપી રીતે ઘવાઈ હોય તેમજ સમાજમાં દાખલો બેસે ગુનાનું પુનરાર્વતન અન્ય દ્વારા ના થાય તે માટે રેરેસ્ટ ઓફ રેર કેસમાં સમાજમાં દાખલો બેસાડવા ગુનેગારને ધાકમાં લેવા માટે દેહાંત દંડ ફરમાવવામાં આવતો હોય છે.

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

કાઈમ રેકર્ડ બ્યુરોના આંકડાનુસાર ૨૦૦૧ થી ૨૦૧૧ ના દશ વર્ષમાં ૧૪૫૫ ગુનેગારોને મૃત્યુ દંડ ફરમાવવામાં આવ્યો છે જયારે ધનજય ચેરટજીને ૧૪ વર્ષની બાળકી ઉપર નિર્ધય બળાત્કારના ગુના બદલ ફાંસીએ લટકાવી દેવામાં આવ્યો હતો.

તાજેતરમાં સાઉદી અરેબીયાના પ્રિન્સને તેના મીત્રની હત્યાના ગુનામાં ફાંસીએ ચઢાવી દેવાતા માનવાધિકારના પ્રશ્નો ઉભા થયા અને ચર્ચાએ જોર પકડયું છે. ભારતમાં ધનજય ચેટરજી બાદ માત્ર ત્રણ જ ગુનેગારને મૃત્યુ દંડ આપવામાં આવ્યો છે. ૨૦૧૨ બાદ અફઝલ ગુરૂ તથા કસાબ સીવાય કોઈ જ આંતકવાદીને મૃત્યુ દંડ ફરમાવેલ નથી.

રાજીવ ગાંધીના હત્યારા તથા દિલ્હી આંતકવાદી હુમલાના આરોપીઓની સજા પણ મૃત્યુ દંડને બદલે આજીવન કેદમાં ફેરવવામાં આવી હતી.

એજનેસ્ટી ઈન્ટરનેશનલના અહેવાલ મુજબ ૨૦૦૧ માં ૩૩ જણાને, ૨૦૦૨ માં ૨૩,

અનુસંધાન પાના નં. ૭ પર

પ્રસ્વેદ પાડનારા અમને તો જ્ઞાની લાગે, મન સાફ હોય ત્યારે દુનિયા મજાની લાગે

છો વેદ વાંચનારાને માનહાનિ લાગે
પ્રસ્વેદ પાડનારા અમને તો જ્ઞાની લાગે
મન સાફ હોય ત્યારે દુનિયા મજાની લાગે
આનંદ ઉચ્ચ લાગે પીડા મજાની લાગે
પોણા છ ફૂટની કાયા નહિતર તો નાની લાગે
પડછાયા લઈ ફરો તો તંગી જગાની લાગે
બાળકને આખી દુનિયા બસ એકલાની લાગે
ખોટું છે એ સમજતા એક જિંદગાની લાગે
કયારેક ચાલી ચાલી તારા સુધી ન પહોંચુ
કયારેક ઠોકરો પણ તારી નિશાની લાગે.

- રઈશ મણિયાર

નવરાત્રી પૂરી થતાં જ નાના-મોટા સૌ પોતપોતાની રીતે દિવાળીની તૈયારીમાં વ્યસ્ત થઈ જાય છે. આપણે સૌ ટેકનો-સેવી, યુવાપેઢીને જોઈએ ત્યારે લાગે કે તેમના જીવનમાં નિર્દોષ અને નિર્મળ આનંદની કમી વર્તાય છે જયારે બીજી બાજુ આપણી જ આસપાસ વસતા Senior Citizens એટલે કે વડીલો ઉત્સાહથી તરવરતા અને જીવનથી ભરપૂર હોય છે. તેઓ ઘરના કામ-કાજમાં, બાળકોને લેવા મૂકવામાં, કસરત કરીને શરીરને તંદુરસ્ત રાખવામાં બધી રીતે નવયુવાનો કરતાં પણ વધુ ઉત્સાહપૂર્વ અગ્રેસર રહે છે. આપણે આપણી આસપાસ એવા ઘણા વડીલો જોયા છે કે જેઓ ૬૦ વર્ષથી પણ વધુ ઉંમરના હોવા છતાં સતત નવું નવું શીખવા તત્પર જ રહેતા હોય છે. પોતાની જાતને સ્ફૂર્તિમાં રાખવા ઉપરાંત પરિવારના કામકાજમાં પણ એટલો જ રસ દાખવે છે. પતિ-પત્ની બંને જો કામ કરી શકતા હોય તો ઘરમાં કોઈ આવા 'યુવાન' વડીલ બાળકોને સ્કૂલ તેમજ ટ્યુશન લેવા મૂકવા જઈ આવતા હોય તેમજ પ્રેમથી તેને જમાડીને તેની સાથે અવનવી રમતો પણ રમતા હોય ત્યારે જ ઑફિસમાં કામ કરનાર મા-બાપ નિશ્ચિંતપણે પોતાનું કામ કરી શકે.

આજકાલના આ મોર્ડન વડીલો પોતાના સમયમાં પોતે વેઠેલી તકલીફોના રોદણાં પણ નથી રડતા કે તેમના ચહેરા પર હતાશા કે નિરાશાના કોઈ ભાવ પણ નથી હોતા. આનંદ અને ઉત્સાહથી આવનારી પેઢીની નવી વિચારસરણી તેમજ નવા-નવા ઈલેકટ્રોનિક ઉપકરણોને તેઓ સમાનભાવે સ્વીકારે છે. તેઓ જીવનનાં અંતિમ ચરણમાં પહોંચ્યા હોય ત્યારે તેમની પાસે આખાયે જીવનના સારા-નરસા અનુભવોનું ભાથું હોય છે માટે જરુર પડે ત્યાં તેઓ આપણા પથદર્શક જરુર બને છે પણ છતાં તેમની વાત યંગ જનરેશન ન સ્વીકારે તો હસીને તેને પણ અવગણવાની ખુમારી દર્શાવે છે. અલબત્ત, મનમાં તેઓ જાણતા જ હોય છે આગળ જતાં તેમની આપેલી સલાહ સાચી સાબિત થશે જ પણ છતાં તેઓ ઉદારતાપૂર્વક ઘરના દરેક સભ્યના અલગ અલગ મંતવ્યને સ્વીકારે છે. ઉંમર સાથે તેમનામાં પરિપક્વતા અને પીઢતા તો આવી જ જાય છે પણ બાળસહજ કુતૂહલવૃત્તિને પણ પોતાનામાં જીવતી રાખવાની તેમની વૃત્તિને સલામ કરવાનું મન થઈ જાય છે. ઘણીવાર તેઓ સતત મોબાઈલની કોઈ એપ્લીકેશન વિશે પૂછ્યા કરે ત્યારે બાળકો તોછડાઈથી કે ઉદ્ધત રીતે તેમને જવાબ આપી દે છે ત્યારે તેઓ અંદરથી થોડા ક્ષુબ્ધ થયા હોય છતાં મુખ પરની રેખાઓ કે હાસ્ય અકબંધ જાળવી રાખતા હોય છે.

પુરુષો મોટાભાગે હસીને પરિવર્તનને સ્વીકારી લેતા હોય છે અને તેમને દુનિયાના કદમ સાથે કદમ મિલાવતાં આનંદ પણ થતો હોય છે. પણ સ્ત્રીઓ જલ્દીથી પરિવર્તનને સ્વીકારી ન શકતી હોવા છતાં પુત્રી કે પુત્રવધુની આધુનિક શૈલીને અપનાવવાનો પૂરો પ્રયાસ કરે છે. આજની જનરેશનની આત્મનિર્ભર અને સ્વમાની પુત્રવધુ કયારેક કોઈ પણ બાબતમાં સાસુનો ચંચૂપાત ન ચલાવી લેતી હોય ત્યારે આ પ્રૌઢ મહિલાઓ પોતાની વર્ષો જૂની પરંપરામાં પણ ફેરફાર લાવીને ઘરમાં ખુશહાલ માહોલ જાળવી રાખવાનો પ્રયત્ન કરે છે. આપણી આસપાસ આપણે આવા કેટલાય વડીલો જોયા છે કે જેઓ બહારથી સાવ સામાન્ય લાગતા હોવા છતાં અંદરથી ઉચ્ચ કોટિના પ્રખર વિદ્વાન સમા સંત, મહાત્મા જેવા ઉદાર અને વિશાળ હોય છે. એટલે જ તેઓ વડીલ અને ઘરનાં મોભી બની રહે છે. આવું જ એક દંપતી છે ગાંધીનગર વતની શ્રી કે.યુ. ટાપરીયા અને તેના પત્ની શ્રીમતી અનોપબા. કિરીટભાઈ ટાપરીયા કૉલેજમાં અને નોકરી દરમિયાન તો વૉલીબોલ, ટેબલ-ટેનિસ રમતા જ હતા પણ આજે ૬૦ વર્ષની ઉંમરે પણ નિયમિતપણે દર રવિવારે વૉલીબોલ રમવા જાય છે. એક દિવસ અચાનક જ કોઈએ તેમને ખેલ મહાકુંભની sixty above કેટેગરીમાં ટેબલ ટેનિસ રમવા કહ્યું અને કોઈ પણ જાતની પૂર્વતૈયારી છતાં તેઓ તેમાં ચેમ્પિયન થયા. ગાંધીનગર જિલ્લાની આ કેટેગરીમાં રૂા. ૫૦૦૦નું ઈનામ મેળવવાની સાથોસાથ હવે તેઓ સ્ટેટ લેવલ પર પણ રમવા માટે જવા ઉત્સાહિત છે. નિયમિતતાનું જીવંત ઉદાહરણ સમા શ્રી કે.યુ. ટાપરીયા અને તેમના પત્ની શ્રીમતી અનોપબા ટાપરીયા વર્ષોથી સાદગીપૂર્વક પોતાનું જીવન જીવી રહ્યા છે. પુત્રી તેમજ પુત્રના લગ્ન બાદ ઘરની જવાબદારી ઉપરાંત પોતાના પૌત્ર-પૌત્રીનું કાળજીપૂર્વક જતન કરીને આનંદપૂર્વક સમય પસાર કરી રહ્યા છે. નિયમિત વાંચન કરવું એ બંનેનો શોખ છે. પણ સારું વાંચી કે સાંભળીને તેને જીવનમાં ઉતારવું અને તેનો અમલ કરવો એ જાણે અનોપબાનો જીવનમંત્ર છે. કયારેક કોઈ ન ગમતી બાબતથી દુઃખી થઈ જવાય ત્યારે પણ ધાર્મિક પુસ્તકો કે અન્ય ફિલોસોફીકલ વાત યાદ કરીને બધું ખંખેરી તેઓ પોતાના કામકાજમાં વ્યસ્ત બની જાય છે. તો આવો, આ દિવાળીએ આપણી આસપાસ સ્ફૂર્તિ અને તરવરાટ ભર્યા આ સ્વસ્થ, સુંદર, જીવંત અને પ્રેરણાની મૂર્તિ સમા તમામ વડીલોને હૃદયપૂર્વક વંદન કરીએ અને જેમ ફેસબુકમાં લાઈક અંગુઠો Press કરીએ છીએ તેમ આ વડીલોના Face to face જઈને એક લાઈક અવશ્ય હસતા ચહેરે આપીએ. આવા જ સાધારણ માણસોની અસાધારણ હસ્તી માટે મકરંદ દવે લખે છે કે,

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

'અમે તો જઈશું અહીંથી પણ આ અમે ઊડાડ્યો ગુલાલ રહેશે
ખબર નથી શું કરી ગયા પણ કરી ગયા તે કમાલ રહેશે.'

- nehalgadhavi101@gmail.com

ભારતીય મહિલાઓ માટે સોનાના સૂરજનાં એંધાણ

ભારતીય મુસ્લિમ મહિલાઓને પુરુષ સમોવડિયા અધિકાર બક્ષવા માટે અને તેમને ગરિમાપૂર્ણ રીતે લગ્ન, છૂટાછેડા, સંપત્તિ અને અન્ય અધિકારો પ્રાપ્ત થાય એની ચળવળમાં વર્તમાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી સરકાર ઐતિહાસિક કહી શકાય એવાં પગલાં લેવા કૃતસંકલ્પ છે. પ્રશ્ન માત્ર મુસ્લિમ મહિલાઓ પ્રત્યેના અન્યાયી વલણને નાબૂદ કરવા પૂરતો સીમિત નથી, મોદીના વડપણ હેઠળની ભાજપ અને મિત્રપક્ષોની સરકારે તમામ મહિલાઓને માટે અન્યાયી કાયદાકીય જોગવાઈઓને સમાપ્ત કરવાની દિશામાં આગળ વધવા માટે નવનિયુક્ત કાયદા પંચના અધ્યક્ષ ડો. જસ્ટિસ બી. એસ. ચૌહાણના વડપણ હેઠળ કોઈપણ નાત, જાત કે ધર્મના ભેદભાવ વિના તમામ નાગરિકો માટેના કૌટુંબિક કાયદાઓ સુધારવાનું અભિયાન આદર્યું છે. બંધારણના ઘડવૈયાઓ થકી સરકારને સમગ્ર દેશમાં સમાન નાગરી ધારા (યુનિફોર્મ સિવિલ કોડ)નો અમલ કરવામાટે બંધારણની કલમ (અનુચ્છેદ-આર્ટિકલ) અન્વયે આપેલા આદેશનું પાલન કરવાની દિશામાં વડા પ્રધાન મોદીના નેતૃત્વવાળી ભારત સરકાર આગળ વધતાં સામે પૂર તરવાના સંજોગો નિર્માણ થયા છે. જોકે આ સમગ્ર કવાયતનો આરંભ ૭ ઓક્ટોબર ૨૦૧૬ના રોજ ભારતના કાયદા પંચના અધ્યક્ષ ડો. ચૌહાણના અનુરોધપત્ર સાથે પ્રસારિત કરાયેલી ૧૬ પ્રશ્નોની એક પ્રશ્નાવલિથી થયો છે. માત્ર ૪૫ દિવસમાં સંબંધિત તમામ સંસ્થાઓ વર્ગો અને જાહેર જનતાનો કુટુંબને લગતા કાયદા કાનૂન અંગે જરૂરી જણાતાં સુધારાઓ વિશે મત જાણ્યા પછી કાયદા પંચ અહેવાલ તૈયાર કરીને ભારત સરકારને આ દિશામાં આગળ વધવા માટે માર્ગદર્શન પૂરું પાડશે.

વિશ્વના પાકિસ્તાન, ઈજિપ્ત, ઈરાક સહિતના મુસ્લિમ દેશોએ પણ જ્યારે છૂટાછેડામાં કાયદાકીય ફેરફાર કરીને ત્રણવાર એકસાથે તલાક-તલાક-તલાક કહીને કોઈપણ પરિણીત મુસ્લિમ મહિલાને અન્યાયી કહી શકાય એવા છૂટાછેડા આપવાની જોગવાઈઓ રદ કર્યા છતાં ભારતમાં આઝાદીના સાત-સાત દાયકા સુધી આવી અમાનવીય પરંપરાને પવિત્ર કુર્રાન અને હદીસ તથા શરિયતના આધારે બદલી ના શકાય એવી રજૂઆતથી ચાલુ રાખવામાં આવી છે. ૧૯૮૫માં ઈંદોરની શાહબાનુ નામની એક વકીલની પત્નીને એના પતિએ તલાક આપ્યા પછી ભરણપોષણ આપવાના અદાલતી આદેશને ભારતીય મુસ્લિમ વ્યક્તિગત કાનૂન (ઈન્ડિયન મુસ્લિમ પર્સનલ લો)ની આડશે નકાર્યું ત્યારે દેશવ્યાપી ઉહાપોહ મચ્યો હતો. દાયકાઓ સુધીના લગ્નને પગલે શાહબાનુને સંબંધિત પતિથી સંતાનો પણ થયાં હતાં અને એને 'મહેર' આપીને છૂટી કરી દેવાઈ ત્યારે પહેલીવાર રાષ્ટ્રવ્યાપી અજંપો સર્જાયો. મુસ્લિમ સમાજની મહિલાઓને થતા અન્યાય સામે ભારતીય અદાલતો આશાનું કિરણ બની રહી હતી. તત્કાલીન વડા પ્રધાન રાજીવ ગાંધીએ પણ આ મુદ્દે સહાનુભૂતિ વ્યક્ત કરી અને શાહબાનુ જેવી મહિલાઓ માટે કાયદાકીય સલામતિની જોગવાઈ કરવાનો વિચાર કર્યો હતો. પરંતુ મુસ્લિમોની વોટબેંક પર અવલંબિત કૉંગ્રેસની સરકાર સામે મુસ્લિમ સમાજે જે રીતે વિરોધ ઊભો કર્યો એના પગલે રાજીવ સરકાર અને કૉંગ્રેસ પણ પાણીમાં બેસી ગઈ હતી. મુલ્લા-મૌલવીઓ અને હાજી મસ્તાન જેવા દાણચોરમાંથી રાજનેતા બનેલા મુસ્લિમ આગેવાનો જ નહીં ભારતીય વિદેશ સેવામાં રહેલા સૈયદ શહાબુદ્દીન જેવા અગ્રણીઓ પણ મેદાનમાં કૂદી પડ્યા. મુંબઈમાં મસ્તાને પાંચ-પાંચ લાખ જેટલા મુસ્લિમોના મોરચા કાઢીને તલાક સહિતના મુસ્લિમોના પારિવારિક કાયદામાં સરકાર કે અદાલતોના દખલ સામે વિરોધ વંટોળ ઊભો કર્યો. આ તબક્કે રાજીવ ગાંધીના નાના અને દેશના પ્રથમ વડા પ્રધાન જવાહર લાલ નહેરુ કે તેમનાં વડા પ્રધાન રહેલાં માતા ઈન્દિરા ગાંધીએ સમાન નાગરી ધારાના ટેકામાં બંધારણમાં કરાવેલી જોગવાઈઓને આગળ વધારવાને બદલે એ વેળા રાજીવનિષ્ઠ અને અત્યારે મોદી સરકારમાં પ્રધાન એમ.જે.અકબરની સલાહથી રાજીવે વોટબેંકનો વિચાર કરવાનું પસંદ કર્યું.

સંયોગ એવો રહ્યો કે કોલકાતાની સાયરાબાનુ નામની મહિલાઓ સુપ્રીમ કોર્ટમાં ગત વર્ષે એક અરજી દાખલ કરીને ત્રણવાર મૌખિક રીતે તલાક બોલી દેવાની અમાનુષી પ્રથા, મુસ્લિમોની બહુપત્નીત્વની પ્રથા અને પતિથી છૂટાછેડા લીધેલી પત્ની ફરીને એ જ પતિ સાથે ઘર માંડવા માંગતી હોય તો પણ તેને બીજા કોઈની સાથે લગ્ન કરીને પછી જ મૂળ પતિ પાસે પાછા ફરવાની ફરજ પાડતી નિકાહ હલાલાની પ્રથાની બંધારણીયતાને પડકારીને તેમને ગેરબંધારણીય અને ગેરકાનૂની જાહેર કરવા દાદ ચાહી. આવી અનેક મુસ્લિમ મહિલાઓ આવા અન્યાયનો ભોગ બની રહી હોવા છતાં ઘરમાં છાનેખૂણે જ દુઃખડાં રડતી રહી છે, પણ છેલ્લાં કેટલાક વર્ષોથી આવેલી મહિલા જાગૃતિ અને સમાન અધિકારો માટેની ખેવનાએ સમાજમાંથી પણ એક પ્રકારનું બળ પૂરું પાડ્યું. ન્યાયતંત્ર તો અન્યાયી કાયદા કે અન્યાયી પગલાં માટે આશાનું કિરણ બની રહ્યું છે. ભારતીય સર્વોચ્ચ અદાલતે એકથી વધુ કિસ્સામાં ભારતીય બંધારણની કલમ ૪૪ અન્વયે દેશભરમાં તમામ નાગરિકો માટે સમાન નાગરી ધારો અમલમાં લાવવાની નિર્દેશ આપ્યા છે, પણ સરકારો એ દિશામાં પારોઠનાં પગલાં ભરતી રહી છે. મોદી સરકારે પહેલીવાર સાયરાબાનુના કેસમાં સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલા સોગંદનામા (એફિડેવિટ)માં સ્પષ્ટ કર્યું કે સાયરાબાનુની ત્રણેય બાબતો વાજબી અને ન્યાયી માગણ